بسم اللہ الرحمن الرحیم

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ પંજુમ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા.03-02-2017 સ્થળ : મસ્જીદ બૈતુલ ફુતુહ લંડન.**

તશહુદ તઆઉઝ તથા સુરઃ ફાતેહાની તિલાવત બાદ હુઝુર અનવર ઐય્યદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યું :

આજે બાંગલાદેશનો વાર્ષિક સર્વ ધર્મ સંમેલન શરૂ થઈ રહ્યો છે. આ વખતે તેમના છેલ્લા દિવસના સંમેલનમાં મારે સંબોધન કરવાનું ન હતું માટે તેમણે આ ખ્વાહેશ વ્યકત કરી છે ખુત્બામાં જ કોઈ વાત કરી દો. અલ્લાહ તઆલાના ફઝલથી બાંગલાદેશની જમાઅત પણ ખુબ જ મુખ્લીસ જમાઅત છે આ પણ તે દેશ છે જેમાં ત્યાંના અહેમદીઓએ પ્રાણનું બલીદાન પણ આપ્યું. લગભગ બાર તેર શહીદ પણ થયા, મુશ્કેલીઓ પણ વેઠી અને વેઠી રહ્યા છે પરંતુ અહેમદિયત અને વાસ્તવિક ઈસ્લામ પર ઈમાન અને વિશ્વાસમાં અલ્લાહ તઆલાના ફઝલથી ખુબ મજબૂત છે. અલ્લાહ તઆલા તેમના ઈમાન અને વિશ્વાસમાં હંમેશા વૃદ્ધિ કરતો રહે. તેવી જ રીતે સેરોલિયોનમાં પણ આજે વાર્ષિક સર્વ ધર્મ સંમેલન શરૂ થયું છે અને ત્યાં પણ તેમને મૌસમના કારણે પરેશાની હતી અને અમુક સિકયોરિટીની મુશ્કેલીઓ હતી. તેમણે પણ દુઆનું કહ્યું અને સંમેલનને પ્રત્યેક પ્રકારે બાબરકત થવા માટે કહ્યું અલ્લાહ તઆલા તેને પણ બાબરકત ફરમાવે.

આપણે હંમેશા યાદ રાખવું જોઈએ કે જે હેતુ માટે આ સંમેલનો યોજાય છે આ હેતુની રૂહને આપણે સમજનાર થઈએ અને પછી હાસેલ કરનાર થઈએ ચાહે તે દુનિયાના કોઈ દેશમાં છે. બાંગલાદેશમાં અથવા સેરોલિયોનમાં અથવા આફ્રિકાના અથવા કોઈ બીજે. અને તે હેતુ શું છે ? તે હેતુ એ છે જેને હઝરત મસીહ મૌઊદ અ.સ.એ અનેક સમયે જલસાના હવાલાથી બયાન ફરમાવ્યા. મને આશા છે કે જલસાના અંતિમ અવસરે બાંગલાદેશ વાળા પણ, સેરોલિયોન વાળા પણ હઝરત મસીહ મૌઊદ અ.સ.ના લેખો સાંભળી ચુકયા છે. દુનિયાના પ્રત્યેક અહેદીએ પ્રતિ સમય આ હેતુ પોતાની સામે રાખવું જોઈએ. કેમકે આ માત્ર ત્રણ દિવસનો હેતુ નથી બલ્કે એક અહેમદી મુસ્લિમના આખા જીવનનો હેતુ છે માટે આપણે આ હેતુને હંમેશા આપણી સામે રાખવું જોઈએ. હઝરત મસીહ મૌઊદ અ.સ.એ ફરમાવ્યું કે જલસાનો હેતુ એક આ છે કે પવિત્રતા અને તકવા પૈદા થાય. હવે આ કોઈ અસ્થાયી વસ્તુ નથી હંમેશા રહેનાર વસ્તુ છે. પછી જલસામાં આવવું તમારી અંદર અલ્લાહ તઆલાનો ખૌફનો વાસ્તવિક જ્ઞાન આપનાર થાય. આ પણ એક સ્થાયી વસ્તું છે અર્થાત એવો ભય જે કેવળ ભયભીત થઈને ડરનાર ભય નથી બલ્કે પોતાના પ્યારાથી અપ્રસન્નતાનો ભય હોય પછી આ કે જલસા પર આવવું તથા આધ્યાત્મિક વાતાવરણ એક બીજા માટે દિલોમાં નરમી પૈદા કરનાર હોય અલ્લાહ તાલાનો પ્રેમ પ્રાપ્ત કરવા માટે એક બીજા પ્રતિ સ્નેહને વધારનાર હોય પરસ્પર એવી મિત્રતા થઈ જાય જેના પર દુનિયા રશ્ક કરે કે એવા નમૂના જ વાસ્તવિક ઈસ્લામી તાલીમની અભિવ્યકિત છે.

આપ અ.સ.એ આવાતની આવશ્યતાનો પણ આભાસ કરાવ્યો કે આપના અનુયાયીઓ વિનમ્રતા અને વિનયતા દેખાડનાર હોય. અહંકાર તથા ઘમંડ અંદરથી પૂર્ણ કાઢી નાખે જ્યારે કે આજે ઈસ્લામને પ્રત્યેક સ્થાને બદનામ કરવામાં આવે છે સ્વયં મુસ્લિમ દેશોમાં મુસલમાન, મુસલ્માનના ખૂન નો તરસર્યો છે તથા મુસલમાનોના કર્મ ઈસ્લામની તાલીમથી દુર થઈ ચુકયા છે એવામાં આપણે અહેમદિયોએ જ

દુનિયાને ઈસ્લામની સુંદર તાલીમથી અવગત કરાવવો છે અને તેના માટે જરૂરી વાત અલ્લાહ તઆલાથી સંબંધ કાયમ કરવો છે.

હુઝુર અનવરે ફરમાવ્યું આ જલ્સો એટલા માટે આયોજીત કરવામાં આવે છે કે આ વાતાવરણમાં રહીને અર્થાત આ ત્રણ દિવસોમાં જે વાતાવરણ ઉત્પન્ન થાય છે તેમાં રહીને પોતાનો કાટ ઉતરે, દિલોના કાટ ઉતરે આસ્થાની નજરમાં નિ:સંદેહ મજબૂત છે અહીયાના રહેનાર અહેમદિ અને જેવું કે મેં કહ્યુ કે મેં વર્ણન કર્યુ કે તેના માટે બાંગાાદેશના અહેમદિઓએ જીવન બલિદાન કર્યા છે પરંતુ અલ્લાહ તઆલા આપણામાંથી પ્રત્યેકથી આ ઈચ્છે છે કે ઈસ્લામના આ પુર્નોદ્વાર જમાનામાં પોતાના કર્મોને પણ ઉચ્ચ ધોરણો સુધી લઈને જાય નમાઝોની પાબંદી અલ્લાહ તઆલાના બતાવે રીતિ અનુસાર કરે પોતાની નમાઝોમાં નમાઝોની આત્માને સ્થાપ્તિ કરવાનો પ્રયાસ કરે આ વિષય પર પાછલા બે ખુત્બામાં ખુબ વિસ્તારથી બયાન કરી ચુકયો છું બંદાના અધિકારોની અદાયગી પોતાનાી પૂર્ણ પ્રતિભાવ સાથે અદા કરે જેવું કે વર્ણન થયું જલસાના હેતુમાં થી એક હેતુ સંયમ અને તકવા પૈદા કરવું છે તકવા વિશે વ્યાખ્યા કરતા એક સ્થાને હઝરત મસીહ મૌઊદ અ.સ. ફરમાવે છે કે :

તકવાનો અર્થ છે કે બદીનુ સુક્ષ્મ રાહેથી બચવું પરંતુ યાદ રાખો કે નેકી એટલી નથી કે એક વ્યકિત કહે કે હું નેક છું એટલા માટે મેં કોઈનો માલ નથી લીધો કોઈને લૂટયો નથી કોઈનો ધન નથી માર્યો કોઈના અધિકારોનું હનન ન્થી કર્યુ ચોરી નથી કરી બદનજરી નથી કરી તથા વ્યભિચાર નથી કરતો એવી નેકી એક ખુદાના મિત્રની નજરમાં હંસીની વાત છે આ કોઈ નેકી નથી આ તો પરિહાસ છે કેમકે આ જો તે આ બૂરાઈઓમાં વ્યસ્ત હોય તથા ચોરી અથવા ડાકા મારે તો તે સજા મેળવશે. માટે આ કોઈ નેકી નથી એક આરિફના વિચાર અનુસાર સમ્માન યોગ્ય હોય બલ્કે અસલ અને વાસ્તવિક નેકી આ છે કે માનવ જાતિની સેવા કરે તથા અલ્લાહ તઆલાના માર્ગમાં સંર્પૂણ નિષ્ઠા તથા વફાદારી દેખાડે તથા તેના માર્ગમાં જીવ પણ આપવા તૈયાર હોય આ કારણે જ બયાન ફરમાવ્યું કે اِنَّ اللّٰہَ مَعَ الَّذِیۡنَ اتَّقَوۡا وَّالَّذِیۡنَ ہُمۡ مُّحۡسِنُوۡنَ

અર્થાત અલ્લાહ તઆલા તેના સાથે છે જે બૂરાઈથી બચે છે તથા સાથે નેકીઓ પણ કરે છે. દુઆની વાસ્તવિકતા બયાન કરતા એક સ્થાને હઝરત મસીહ મૌઊદ અ.સ. ફરમાવે છે.

દુઆ તે દવા છે એક મુઠી ધૂલને રસાયણ બનવી દે છે એક મુઠી ધૂલને સોનું બનાવી દે છે એવો પ્રભાવ હોવો જોઈએ દુઆમાં અને તે એક પાણી છે જે અંદરના મેંલને ધોઈ નાખે છે પરંતુ કેવી દુઆ ? ફરમાવ્યું તે દુઆ સાથે આત્માં પીઘળે છે તેવી દુઆ જે દિલથી નિકળતી હોય અને રૂહ પીગળતી હોય તેના દ્વારા અને પાણીની જેમ વહીને અલ્લાહ તઆલાના દરવાજા પર પડે છે, અલ્લાહ સમક્ષ પેશ થાય છે તે ખુદા સામે ઊભી પણ થાય છે અને રૂકુઅ તથા સજદો પણ કરે છે તથા તેની જ છબી તે નમાઝ છે જે ઈસ્લામે સિખવાડી છે જો નમાઝનો અર્થ જ્ઞાત કરવો છે કે શું વાસ્તવિકતા છે જેના દ્વારા ખુદા મળે છે લોકો કહે છે કે ખુબ નમાઝો પઢી છે અલ્લાહ નથી મળ્યો તો આ અવસ્થા પૈદા કરવાની જરૂર છે કે અને ઈસ્લામની શરીઅતએ આ ચિત્ર નમાઝમાં કરીને બતાવ્યો છે જેથી તે શારીરિક નમાઝ રૂહાની નમાઝની જેમ સક્રિય હોય કેમકે ખુદા તઆલાએ ઈન્સાનના અસ્તિત્વની એવી બનાવટ પૈદા કરી છે કે આત્માનો પ્રભાવ શરીર પર તથા શરીરનો આત્મા પર અવશ્ય હોય છે જો પ્રત્યેક્ષ રૂપથી કેવળ કયામ કર્યો રૂકુઅ કર્યો સજદાઓ કયો નમાઝોમાં. ટાો તેનો કોઈ લાભ નથી જ્યાં સુધી કે તેની સાથે આ પર્યાપ્ત સામેલ હોય કે આત્મા પણ પોતાનામાં કયામ અને રૂકુઅ તથા સજદાથી કોઈ અંશ લે તથા આ અંશ લેવુ મારિફત પર

આધારિત છે અને મારિફત અલ્લાહના ફઝલ પર આધારિત છે માટે આપે એક સ્થાને ફરમાવ્યું તેની વ્યાખ્યા કરી તથા સ્પષ્ટ કર્યુકે :

જે ફઝલ છે આ મળે તો અલ્લાહની કૃપાથી છે બધું, માટે ફઝલની પ્રાપ્તી માટે પણ અલ્લાહ તઆલા સામે નમો તેનાથી જ માંગો અને જ્યારે અલ્લાહ તઆલાના ફઝલથી આ મારિફત હાસેલ થાય ત્યારે આવશ્યકતા છે જ્યારે સંઘર્ષ થશે તો જ જીવનનો હેતુ પણ પ્રાપ્ત થશે.

ફરમાવ્યું : અસલ વાત આ છે કે સૌથી કઠીન તથા કોમળ વાત બંદાના અધિકાર જ છે લોકો નમાઝો પઢી લે છે મસ્જીદોમાં પણ આવી જાય છે ચંદા પણ આપી દે છે. કેટલીક વાર જીવનનું બલીદાન પણ આપી દે છે પરંતું કેટલીક વાર એવા અવસર પણ આવે છે કે લોકોના અધિકાર આપવું ખુબ મુશ્કેલ થઈ જાય છે માટે આ અવસર પર ખુબ સાવધાનીથી ડગલું ભરવું જોઈએ. ફરમાવ્યું કે મારો ધર્મ તો આ છે કે શત્રુ સાથે પણ એક સીમાથી અધિક સખ્તાઈ ન હોય કેટલાક લોકો ઈચ્છે છે કે જ્યાં સુધી થઈ શકે વિનાશ તથા પતન માટે પ્રયાસ કરવામાં આવે કે દુશ્માનોને નષ્ટ કરી દે પછી તે આ ચક્કરમાં પડીને ઊચિત તથા અનુચિતનું પણ ધ્યાન નથી રાખતા. તેમને બદનામ કરવા માટે પણ જુઠો આરોપ પણ લગાવે છે તથા તેની ગીબત કરે છે તથા બીજાને તેના વિરૂધ્ધ ઊકસાવે છે હવે બતાવો કે થોડી બૂરાઈઓ તથા બદીઓનો વારીસ બન્યો અને પછી આ બદીઓ જ્યારે પોતાના બાળકો આપશે તો કયાં સુધી વાત પહોચશે. ફરમાવ્યું: કે હું સત્ય કહું છું કે તમે કોઈને પોતાનો વ્યકિતગત દુશ્મન ન સમજો તથા દ્વેષની પ્રવૃત્તિ પૂર્ણ રીતે છોડી દો જો ખુદા તઆલા તમારી સાથે છે તથા તમે ખુદા તઆલાના થઈ જાઓ તો તે દુશ્મનોને પણ તમારા સેવકોમાં દાખલ કરી શકે છે પરંતુ જો તમે ખુદાથી જ સંબંધ વિચ્છેદ કરી ચુકયા છો તથા તેના સાથે કોઈ દોસ્તીનો શેષ નથી તેમની અવજ્ઞા તમારો ચલન છે તેમની ઈચ્છા વિરૂધ્ધ તમારો ચાલ ચલન છે પછી ખુદાથી વધીને તમારો દુશ્મન કોણ હશે. સૃષ્ટિની શત્રુતાથી મનુષ્ય બચી શકે છે પરંતુ જ્યારે કુદા દુશ્મન હોય તો પછી જો સમગ્ર સૃષ્ટિ મિત્ર હોય તો કઈ નથી થઈ શકતુ. માટે તમારો ચલન નબીઓ જેવું ચલન હોય. ખુદા તઆલાની ઈચ્છા આ જ છે કે વ્યકિતગત શત્રુતા કોઈ ન હોય કોઈ જાતિ દુશ્મની ન હોય ફરમાવ્યું ખુબ યાદ રાખો કે ઈન્સાનને ઉચ્ચ શ્રેય અને સત્યમાર્ગ ત્યારે જ મળે છે જ્યારે તે વ્યકિતગત રૂપથી કોઈનો દુશ્મન ન હોય. હાં અલ્લાહ તઆલા અને તેના રસૂલના સમ્માન માટે અલગ વાત છે. અલ્લાહ અને તેના રસૂલની પ્રતિષ્ઠાનો સવાલ આવે છે તો ત્યાં દુશ્મની પૈદા થઈ જાય છે અર્થાત જે કોઈ વ્યકિતગત ખુદા અને તેના રસૂલનો સમ્માન નથી કરતો બલ્કે તેનો દુશ્મન છે તેને તમે પોતાનો દુશ્મન સમજો આ દુશ્મની સમજવાનો આ અર્થ નથી કે તમે તેની વિરૂધ્ધ જુઠ ઘડો તથા અકારણ જ તેને દુ:ખ આપવાની યોજના બનાવશો નહી બલ્કે તેનાથી અલગ થઈ જાવ. દુશ્મન છે માટે અલગ થઈ જાઓ. તથા ખુદા તઆલાના હવાલે કરી દો મામલો. સંભવ હોય તો દુશ્મનના સુધાર માટે દુઆ કરો પોતાના તરફથી કોઈ નવી ભાજી શરૂ ન કરો. અર્થાત કોઈ નવો ઝઘડો શરૂ ન કરી દો તેની સાથે. ફરમાવ્યું: કે આ વો છે જે મનની પવિત્રતા સંબંધિત છે. કહે છે કે હઝરત અલી કરમુલ્લાહ વજહુ એક દુશ્મનથી લડતા હતા તથા કેવળ ખુદા તઆલા માટે લડતા હતા અંત: હઝરત અલી રઝીએ તેને પોતાની નિચે પાડદિધો તથા તેના શરીર પર ચડી ગયા તેણે તરત જ હઝરત અલીના મોં પર થુકી દધું આપ તરત જ તેની છાતી પરથી ઊતરી ગયા અને તેને છોડી દીધો એટલા માટે કે અત્યાર સુધી તો હું ખુદા તઆલા માટે તારી સાથે લડતો હતો અને હવે જ્યારે કે તેં મારા મોં પર થુકી દધું છે તો મારા અહં નો થોડોક અંશ આમાં સામેલ થઈ જાય છે માટે હુંત નથી ઈચ્છતો કે પોતાની મનોવૃત્તિ માટે તમારી હત્યા કરૂ. આનાથી સ્પષ્ટ માલૂમ થાય છે કે

આપે પોતાની મનોવૃત્તિના શત્રુને દુશ્મન ન સમજયો એવી પ્રાકૃતિ તથા આદત પોતાની અંદર પૈદા કરવી જોઈએ જો સ્વાર્થ અને વ્યકિતગત હેતુ માટે કોઈને કષ્ટ આપતા તથા શત્રુતાના કર્મને વિસ્તૃત કરે છે તો આનાથી વધીને ખુદા તઆલાને અપ્રસન્ન કરવાની વાત શું હશે.

કોઈ વ્યકિતગત દ્વેષના કારણ કોઈને કષ્ટ નથી આપવું તથા અલ્લાહ તથા તેના રસૂલનો દુશ્મન પોતાનો દુશ્મન સમજો ત્યાથી ઊઠી જાઓ, તેના માટે દુઆ કરો, તેના માટે પ્રયાસ કરો, તથા તેના આક્રમણનો જવાબ આપો જે ઊચિત તરીકો છે તેના દ્વારા પરંતુ આ નહી તેની પ્રત્યેક વાતને બૂરી સમજતા સંપૂંણ રૂપથી અનુચિત ઢંગથી દુશ્મની પર ઉતરી આઓ આ બધું અનુચિત છે.

અલ્લાહ તઆલા આપણને તકવાનો વાસ્તવિક બોધ તથા અભ્યાસ પ્રાપ્ત કરવાનો સામર્થ્ય આપે તથા પોતાની કૃપા કરતા અલ્લાહ તઆલાની નિકટતા પ્રાપ્ત કરનાર આપણી નમાઝો તથા ઈબાદતો થાય બંદાઓના અધિકારોની અદાયગીને સમજનાર આપણને બનાવે અલ્લાહ તઆલા આપણા પ્રત્યેક કર્મ ચાહે તે સંસારિક હોય આ ધારણા સાથે હોય કે આપણે અલ્લાહ તઆલાની પ્રસન્નતાને પ્રત્યેક દશામાં પ્રાપ્ત કરવું છે તથા પ્રાથમિકતા આપે. આમીન.

******

Khulasa Khutba Jumma Huzoor Anwar 03 February 2017

BOOK POST (Printed Matter)

To.......................................................................................................

.........................................................................................................

.........................................................................................................

From: Masroor Manzil, Al-Aman society. Narol, Ahmedabad-382405 GUJARAT.